# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-08-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના માટે ખર્ચને મજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળે ૧૫મા નાણા પંચની મુદત દરમિયાન ચાલુ કેન્દ્રીય ક્ષેત્ર યોજના "પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના" માટે ૧૯૨૦ કરોડ રૂપિયાના વધારાના ખર્ચ સહિત કુલ ૬૫૨૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૫૦ મલ્ટી પ્રોડક્ટ ફૂડ ઇરેડિયેશન યુનિટ્સની સ્થાપનાને ટેકો આપવા માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની મંજૂરીમાં સમાવેશ થાય છે.

----------------------------------------------------------------------------------------------------

## ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ચૂંટણી મંડળની યાદી

ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી મંડળની યાદીને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના ચૂંટણી મંડળમાં રાજ્યસભાના ચૂંટાયેલા અને નામાંકિત સભ્યો અને લોકસભાના ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે. ચૂંટણી મંડળના સભ્યોની નવીનતમ યાદી તૈયાર કરવા માટે કમિશન જવાબદાર છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે સત્તાવાર સૂચના પછી આ યાદી ચૂંટણી પંચના કાઉન્ટર પર ઉપલબ્ધ થશે. બંધારણના અનુચ્છેદ 324 મુજબ, ભારતના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચ જવાબદાર છે.

----------------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં 31 પશુ સારવાર સંસ્થાનું ઇ-લોકાર્પણ

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે રાજ્યના ૧૦ જિલ્લામાં આશરે 20 કરોડ રૂપિયાનાં ખર્ચે નવનિર્મિત કુલ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું હતું. ગાંધીનગર ખાતે ગઇકાલે "પરિવર્તનશીલ વિશ્વમાં પશુ સ્વાસ્થ્ય: નવીનતા, રોગ નિવારણ અને પશુકલ્યાણ" વિષય પર સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો ફાળો ૨૫ ટકા છે અને વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત ચોથા ક્રમે છે. શ્રી પટેલે કૃત્રિમ બીજદાનની તાલીમ પૂર્ણ કરેલા ૨૧૭ MAITRI ટેકનીશીયનને કીટ અને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા.

---

## દિન દયાળ બંદરે દેશનો પ્રથમ ગ્રીન હાઇડ્રોઝન પ્લાન્ટ કાર્યોન્વિત

કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ દેશનો પ્રથમ એક મેગાવોટ સ્કેલનો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે. વહાણવટા અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે પ્લાન્ટનું ઉદઘાટન કરતાં જણાવ્યું કે, મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ આ ગ્રીન હાઇડ્રોજન સુવિધાનું નિર્માણ થયું છે. જે વાર્ષિક આશરે 140 મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજન ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે.

શ્રી સોનોવાલે જણાવ્યું કે, 10 મેગાવોટ પ્રોજેક્ટના ભાગ રૂપે 1 મેગાવોટ પ્લાન્ટના પ્રથમ મોડ્યુલનું અમલીકરણ થયું છે.

---

## ભચાઉ તાલુકામાં જુલાઇ માસ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવાશે

ભચાઉ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મનફરા, આમરડી, વીજપાસર, સામખીયાળી, જંગી, જુના કટારીયા, ધોળાવીરા, અર્બન ભચાઉમાં જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી કરાઈ હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.નારાયણ સિંઘના માર્ગદર્શન હેઠળ આ ઝૂંબેશ

ચલાવવામાં આવી હતી. જેમાં હાઉસ ટુ હાઉસ સર્વે કરી, જૂથ ચર્ચા તથા શિબિરનું આયોજન કરી જન સમુદાયને ડેન્ગ્યુથી બચવાના ઉપાયો વિશે માહિતી આપવામાં આવી હતી.

વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અંગે માર્ગદર્શક પત્રિકાઓ આપીને નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યાં હતા તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા ખાતે માર્ગ સુરક્ષા અંતર્ગત ટ્રક ડ્રાઇવરો માટે નેત્ર નિદાન કેમ્પ

નખત્રાણાના સ્માર્ટ પોલીસ સ્ટેશન ખાતે અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ તેમજ સહયોગી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ અને માર્ગ સુરક્ષા અંતર્ગત ટ્રક ડ્રાઇવર માટે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા બોર્ડર રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક વિકાસ સુંડા પશ્ચિમ ભુજ તેમજ તજજ્ઞો દ્વારા દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય અને જાગૃતતા આવે તે હેતુસર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આસરે 200થી વધુ ટ્રક ડ્રાઇવરોની આંખની તપાસણી કરાઇ હતી. ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમમાં લોકો ટ્રાફિકના નિયમોથી અવગત થાય તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## આજથી નારીવ વંદના સપ્તાહની ઉજવણી

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજથી નારી વંદના સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણના વિવિધ કાર્યક્રમો યોજાશે. મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં ૧લી ઓગસ્ટ મહિલા સુરક્ષા દિવસ,  બેટી બચાવો બેટી પઢાવો દિવસ, ૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, ૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ, ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી

કરવામાં આવશે તેમ મહિલા અને બાળ વિકાસ વિભાગ કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## સરહદ ડેરીને એન્વાયરનમેન્ટ એક્સેલન્સ એવોર્ડ

વડોદરા ખાતે પર્યાવરણ ક્ષેત્રે સારી કામગીરી કરતી સંસ્થાને પ્રોત્સાહન માટે એન્વયારમેન્ટ એક્સેલન્સ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સરહદ ડેરીને ગ્રીન વર્કપ્લેસમાં સારી કામગીરી કરવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

---